
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૯૨ ટકા



ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવાની વાતો ચાલે છે. કરોડો રૂપિયાનું આંધણ આ યોજના પાછળ થઈ રહ્યું છે. દરરોજ નીતનવી યોજનાઓ બનાવાયા છે અને જુની ભૂલાવાય છે. સ્માર્ટ સીટીમાં સામાન્ય રસ્તાઓના જ હજુ ઠેકાણા નથી. સેકટર-૬ શોપીંગ સેન્ટરથી સેકટર-૭માં જવાના માર્ગે મસમોટો ખાડો પડી ગયેલો જોવા મળી રહ્યો છે. વાહનચાલકો અને રાહદારીઓને તેના કારણે ખૂબ જ તકલીફ પડી રહી છે.

# સેકટર-૨૧માં રાત્રે સદસ્ય નિવાસ નજીક રોડ પર મનપાનું વાહન ફસાયું

**રીંગ રોડ પર ડિવાઈડર નાંખવાની અને બાજુમાં પાણીની પાઈપલાઈન નાંખવાની કામગીરીથી વાહનચાલકો પરેશાન : અપુરતા માટી પુરાણમાં ફસાઈને ટુ-વ્હિલરચાલકો ઈજાનો ભોગ બની રહ્યા છે**




ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સેકટર-૨૧માં આંતરિક રીંગ રોડ પર ડિવાઈડર નાંખવાનું કામ ચાલુ હોવા સાથે બાજુમાં પાણીનીપાઈપલાઈનનું પણ કામ ચાલુ છે. જેના માટે ખોદવામાં આવેલા ખાડાઓમાં માટી પુરાણ અપુરતું કરવામાં આવતું હોવાને કારણે સર્જાયેલી સ્થિતિને પગલે આ રોડ પરના વાહનચાલકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. મંગળવારે રાત્રે ગાંધીનગર મહાનગર પાલીકાનું વાહન જ ફસાઈ જવા પામ્યું હતું. આ જગ્યાએ રોજના ૭ થી ૮ ટુ-વ્હિલર વાહનચાલકો પડીને નાની-મોટી ઈજાનો ભોગ બની રહ્યા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. તેમજ કારચાલકો પણ ફસાઈ જવાના કિસ્સા બની રહ્યા છે.

શહેરમાં અનેકવિધ વિકાસ કાર્યો ગતિમાં છે અને બીજી તરફ ચોમાસું બેસી ગયું છે. આ સ્થિતિમાં વિકાસકાર્યો માટે કરવામાં આવતા ખોદકામમાં અપુરતા માટી પુરાણને કારણે નાના-મોટા ભુવા પડવા જેવી સ્થિતિ સર્જાઈ છે તેમજ તાજી ખોદેલી મોટી વરસાદના પાણી સાથે રોડ પર તણાઈ આવવાથી કાદવ કિચડ થવાથી વાહન ચાલકો ખાસ કરીને ટુ-વ્હિલર્સ ચાલકો સ્લીપ થઈ જવાના બનાવો શહેરના અનેક વિસ્તારોમાં બની રહ્યા છે. શહેરના સે-૨૧માં પણ આંતરિક રીંગ રોડ પર ડિવાઈડર નાંખવાનું કાર્ય ચાલુ છે. જેની સાથે રોડની બાજુમાં પાણીની પાઈપલાઈન નાંખવાનું પણ કામ ચાલુ છે જેના કારણે વાહનચાલકો માટે કફોડી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. સે-૨૧માં એમએલએ કવાટર્સ નજીક રોડ પર રાત્રિના સમયે ખુદ મહાનગરપાલિકાનું વાહન ફસાઈ જવા પામ્યું હતું. આ માર્ગ પર સ્થાનિકોના જણાવ્યા અનુસાર રોજના ૭ થી ૮ વાહનચાલકો નાના-મોટા અકસ્માતનો ભોગ બની ઈજા પામે છે. તંત્રના અલગ અલગ વિભાગો દ્વારા એક સાથે એક જ સ્થળે ચાલી રહેલા વિકાસકાર્યોના કારણે પ્રજા પરેશાનીનો ભોગ બની રહી છે. વળી, પાણીની પાઈપલાઈન માટે કરાયેલા ખોદકામ પર અપુરતું માટીનું પુરાણ પણ ચોમાસામાં વાહનચાલકો માટે જોખમરૂપ બની રહ્યું છે.

## જન્મદિને વધામણી



**વિવેકસિંહ છત્રસિંહ ચૌહાણ**
સેક્રેટરી લાયન્સ કલબ ગાંધીનગર



**દેવરાજ યાદવ**
મો. ૯૧૦૬૮ ૫૮૭૬૧



**ગીતાબેન ચૌહાણ**
લાયોનેસ કલબ



**મોનાલી ગજ્જર**
લાયોનેસ કલબ



**અર્ચના દવે**
લાયોનેસ કલબ



**રિતીકા વિનોદભાઈ મેણાત**
મો. ૯૯૨૫૦ ૩૨૬૧૮



**શ્રીમતી અવંતિકાબા ધાંધલ**
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



**સંજયભાઈ એ. પ્રજાપતિ**
મો. ૯૮૨૫૭ ૮૩૩૪૫



**ફૈઝાન મન્સુરી**
મો. ૯૬૬૨૫ ૦૦૭૪૧



**જોષી જયેશકુમાર**
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ

## ગુજરાત યોગ બોર્ડ દ્વારા નિઃશુલ્ક યોગ કેમ્પનું આયોજન




ગાંધીનગર, તા.૨૯

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સેક્ટર-૨૫ ના રહીશો એ યોગ અભ્યાસ શરૂ કરી દીધો છે. આ યોગનું કેમ્પ સોનલ મહેતા યોગ કોચ દ્વારા નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં બહેનો, ભાઈઓ તેમજ બાળકોએ ખુબજ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. દરેક બહેનોએ સંકલ્પ કર્યો હતો કે યોગ કરી ને સ્વસ્થ રહીશું. સોનલબેને જણાવ્યું હતું કે દરેક લોકો સવારે ફક્ત થોડો સમય ફાળવી દે તો તેઓ સંપૂર્ણ સ્વસ્થ રહી શકે અને બીજા ને પણ પ્રેરણા આપી શકે.

## દૂરદર્શનનું ગાંધીનગર રિલે કેન્દ્ર તા.૩૧મી જુલાઈથી બંધ થશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર ખાતેનું દૂરદર્શનનું રિલે કેન્દ્ર આગામી તા.૩૧મી જુલાઈથી બંધ કરવામાં આવશે. આ અંગે દૂરદર્શન દિલ્હી મહાનિર્દેશાલય દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ ગુજરાતમાં આવેલ ગાંધીનગર અને લીંબડી ખાતેના રિલે કેન્દ્રોને બંધ કરવામાં આવશે. ગાંધીનગરનું રિલે કેન્દ્ર વિધાનસભાના સેક્રેટરીયલ નજીક આવેલ છે જ્યારે અન્ય એક રિલે કેન્દ્ર સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં આવેલ છે.

દૂરદર્શનના ગુજરાત ખાતેના ગાંધીનગર અને લીંબડી રિલે કેન્દ્ર પરથી કરવામાં આવતું પ્રસારણ બંધ કરવામાં આવશે. પરંતુ આ પ્રસારણ દૂરદર્શનની ડીટીએચ પ્લેટ ફોર્મ અને ડીડી ફ્રી ડીસ્ક પર ઉપલબ્ધ રહેશે. દૂરદર્શન કેન્દ્રના પ્રસારણ માટે ગુજરાતના અલગ અલગ જિલ્લા રિલે કેન્દ્ર આવેલ છે જૂની ટેકનોલોજી બંધ કરવામાં આવતા હાલના સંજોગોને જોતા આધુનિક ટેકનોલોજી આવી જતા એનલોગ એનઈ એન્ટીનાની જરૂર નથી પડતી અને ગાંધીનગરનું પ્રસારણ હવે અમદાવાદમાં કેન્દ્ર ખાતેથી જ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ખાતે આવેલ આ રિલે કેન્દ્ર ૧૯૮૬માં શરૂ કારબમાં આવ્યું હતું જેને ૨૦૨૧માં બંધ કરવામાં આવશે.



રાંધેજા ખાતે આવેલી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં બુધવારના રોજ પ્રિ.પ્રાઈમરી વિભાગ દ્વારા વર્ષાઋતુની ઉજવણી કરાઈ હતી. જેમાં બાળકો દ્વારા ક્રાફ્ટ વર્ક અને કાવ્યગાન રજૂ કરી ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી.



આજ રોજ આણંદ ખાતે હોટલ એચમાં મળેલ વાર્ષિક સામાન્ય સભામાં ફેડરેશન ઓફ આઈટી એસોસિએશન ગુજરાતમાં ગાંધીનગરમાંથી જનરલ સેક્રેટરી તરીકે ઉરેન પટેલ, સલાહકાર સમિતીમાં ગૌરાંગ વ્યાસ તથા કારોબારી સભ્ય તરીકે વિપુલ દવેની નિમણૂક કરવામાં આવી હતી.



છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી માહોલ છવાયો છે. જો કે વરસાદ હજુ મન મુકીને વરસતો નથી પરંતુ થોડાક જ વરસાદમાં શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. કોંગ્રેસના કોર્પોરેટર રાકેશ પટેલ અને વોર્ડ નં.૮ના ઉમેદવાર કુંતલબેન રાવલ દ્વારા સેકટર-૫-ડીના કોમન પ્લોટમાં માટી નંખાવવામાં આવી હતી અને તેનું લેવલીંગ કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગરના ઘ-૦ સર્કલ પાસે લાયન્સ ગૃપનું વૃક્ષારોપણ




ગાંધીનગર તા.૨૯

ગાંધીનગરની લાયન્સ, લાયોનેસ, અને લીઓ કલબ દ્વારા તા.૨૭મી જુલાઈના રોજ ઘ-૦ પાસે મેગા ટ્રી પ્લાન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

લાયન્સ કલબના પ્રમુખ પદમસિંહ ચૌહાણ દ્વારા 'આ વર્ષે પ્રકૃતિના ખોળે' આ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં અતિથિવિશેષ તરીકે ડિસ્ટ્રિક્ટ ગવર્નર જગદીશચંદ્ર અગ્રવાલ, ડિસ્ટ્રિક્ટ કેબિનેટ સેક્રેટરી હરીશ ત્રિવેદી, ડિસ્ટ્રિક્ટ ચેરપર્સન લાયન મમતાબેન રાવલ, ઝોન ચેરમેન સંજય પટેલ તેમજ ડિસ્ટ્રિક્ટના પદાધિકારીઓ- હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન્વાયરમેન્ટ ડાયરેક્ટર કે પી પ્રજાપતિ તથા એન્વાયરમેન્ટ ચેરમેન ધવલ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. આ તબક્કે એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટના રજનીશ ભાઈ પટેલ તથા તેમની ટીમ દ્વારા પર્યાવરણ અંગેની માહિતી આપી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લાયન્સ, લાયોનેસ, અને લીઓ કલબના હોદ્દેદારો-સભ્યોએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યુ હતુ.




ગુરુપૂર્ણિમા નિમિત્તે મહિલા પતંજલિ યોગ સમિતિ દ્વારા સે.૨૩માં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે યોગ કોચ ભાવનાબેન જોષી, નેહાબેન વ્યાસ, હેમલતાબેન પટેલ, રશ્મિ મકવાણા તથા હેતલબેન દ્વારા યોગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે આરતીબેને હવન કરાવ્યો હતો અને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યોગાર્થી મહિલાઓ પુરુષો જોડાયાં હતાં.

## ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રકૃતિ સંરક્ષણ દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા દ્વારા બુધવારના રોજ પ્રકૃતિ સંરક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ-૧ના વિદ્યાર્થીઓએ પ્રકૃતિનું મહત્વ દર્શાવતા ચિત્રો દોર્યા હતા અને સાથે જ પ્રકૃતિનું સંરક્ષણ આપણી નૈતિક ફરજ છે તેવો સંદેશ આપ્યો હતો.

## સરકારી વિનયન કોલેજમાં એન.સી.સી. ગર્લ્સ દ્વારા કારગીલ વિજય દિન પ્રદર્શની




ગાંધીનગર, તા.૨૯

તાજેતરમાં સરકારી વિનયન કોલેજ ગાંધીનગર એન.સી.સી. ગર્લ્સ યુનિટ દ્વારા 'કારગીલ વિજય દિવસ'ની ઉજવણીના ભાગ રૂપે એક વિશેષ પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતની સરહદો પર સેવારત આપણા સૈનિકોને 'કારગીલ વિજય દિવસ' નિમિત્તે અભિનંદન આપતા અને સૈન્ય પ્રત્યે આભાર પ્રગટ કરતાં કાર્ડ્સ દેશના નાગરિકો વતી કોલેજની એન.સી.સી. ગર્લ્સ કેડેટ્સ દ્વારા તૈયાર કરીને મોકલી આપવામાં આવ્યાં હતાં. દેશપ્રેમ અને કલાત્મકતાથી ભરેલા આ સુંદર કાર્ડ્સની પ્રદર્શનીનું આયોજન કોલેજ ખાતે કરવામાં આવ્યું હતું. જેને અધ્યાપકો તથા વિદ્યાર્થીઓનો બહોળો આવકાર મળ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિ.ડો.અનુપાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ એન.સી.સી. એ.એન.ઓ. લેફ્ટનન્ટ ડો.માધવીબેન ઉપાધ્યાય તથા પ્રા.ડો.ભાનુબેન કાપડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. દંતાણી જીગરભાઈ શીવાભાઈ, ઉ.વ. ૩૧, સેકટર-૧૨
- સ્વ. ચૌધરી અલકેશભાઈ મોઘજીભાઈ, ઉ.વ. ૪૪, લીંબોદરી, માણસા

● રૂદ્રભૂમિ ●

- સ્વ. દાવડા દક્ષાબેન જગદીશભાઈ, ઉ.વ.૬૨, મણીનગર, અમદાવાદ

## સે-૨૩ની પોસ્ટ ઓફિસનું મકાન સત્વરે બનાવવા ડાક અદાલતમાં રજુઆત

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સે-૨૩ની પોસ્ટ ઓફિસના મકાન માટે સરકારે વર્ષોથી પ્લોટ ફાળવ્યો હોવા છતા પોસ્ટ ઓફિસને અન્ય સેક્ટરની પોસ્ટ ઓફિસ સાથે ભેળવવા ડાક આદાલતામાં રજુઆત કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે હાલમાં સે. ૨૩ની પોસ્ટ ઓફિસ સરકારી મકાનમાં કાર્યરત છે.

સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ ગાંધીનગર દ્વારા તારીખ આજે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડાક અદાલતમાં ભારતીય નાગરિક હિતરક્ષક સમિતિના પ્રમુખ સાંકાભાઈ જે. પટેલ અને મંત્રી બાબુભાઈ એમ.પટેલે રજૂઆત કરી હતી કે સે-૨૩ પોસ્ટ ઓફિસ બનાવવા માટે આશરે ૪૦ વર્ષ અગાઉ ગુજરાત સરકારે જાહેર હિતમાં પોસ્ટ ઓફીસનું મકાન બનાવવા માટેનું પ્લોટની ફાળવણી કરી હતી પરંતુ હજુ સુધી પોસ્ટ ખાતાએ પોસ્ટ ઓફીસનું મકાન બનાવ્યું ન હોવાના કારણે સેક્ટર-૨૩ના કરોડો રૂપિયાના બચતદારોને મુશ્કેલીનો અનુભવ કરવો પડે છે. ઉલ્લેખનીય છે કે સે-૨૩ની પોસ્ટ ઓફિસ હાલમાં સરકારી મકાનમાં કાર્યરત છે જેને ભવિષ્યમાં અન્ય કોઈ સેક્ટરની પોસ્ટ ઓફિસમાં ભેળવાય નહીં તે માટે પણ રજુઆત કરાઈ હતી. જો સે-૨૩ની પોસ્ટ ઓફિસને અન્યત્ર બદલવામાં આવશે તો સેક્ટર-૨૩ની રહેણાંક સોસાયટીઓના પદાધિકારીઓ ગાંધી ચિંધ્યા માર્ગે ન્યાય મેળવવા પ્રયત્નશીલ છે તેવી ચિમકી પણ ઉપસ્થિત નાગરિકો દ્વારા ઉચ્ચારવામાં આવી હતી. સરકારે ફાળવેલા પ્લોટ પર સત્વરે પોસ્ટ ઓફીસનું મકાન બનાવવા મુદ્દાસરની રજૂઆતને ધ્યાને લઈ સિનિયર સુપ્રિટેન્ડેન્ટે માંગણી સ્વીકારી અને જ્યાં સુધી પોસ્ટ ઓફીસનું મકાન બંધાય નહિ ત્યાં સુધી આ પોસ્ટ ઓફીસનું મકાન ખાલી નહીં કરવામાં આવે તેવી હૈયાધારણ આપી હતી.

## ખોરજ અને સરઢવમાંથી જુગાર રમતા ૮ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૨૯

શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે અડાલજ પોલીસે ખોરજ ગામેથી ચાર જુગારીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે. તો બીજીતરફ પેથાપુર પોલીસે સરઢવ ગામે બાજી માંડીને બેઠેલા ચાર જુગારીઓને દબોચી લીધા છે. તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ખોરજ ગામની સીમમાં બળીયા દેવની મંદિર પાસે આવેલી ખુલ્લી જગ્યામાં જુગાર રમતા સની રામાજી ઠાકોર (ઈન્દીરાનગર ખોરજ ગામ), શહેજાદશા શાબીરશા દિવાન (જોગણી માતાના મંદિર પાસે ખોરજ ગામ), શાહરુખશા શાબીરશા દિવાન (જોગણીમાતાના મંદિર પાસે ખોરજ ગામ) તેમજ જાવેદખાન ફરીદખાન પઠાણને અડાલજ પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૪,૩૬૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં સરઢવ જનતાનગર પાણીના હવાળા પાસે વિજળીના થાંભલાના અજવાળે બાજી માંડીને બેઠેલા કલ્પેશ ગોકળદાસ પટેલ, વિજયકુમાર ભરતભાઈ પટેલ, જીગ્નેશ રસિકભાઈ પટેલ અને શૈલેષ બચુભાઈ પટેલને પેથાપુર પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ,૧૨,૭૨૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.